**થાનગઢ તાલુકાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમા,**
**થાનગઢ**

ફો.કે.નં.૪૮૭/૨૦૨૨
આંક–૧૭

શ્રી સરકાર .....ફરીયાદી

વિરુધ્ધ

**(૬) લાખાભાઈ નાથાભાઈ નાંદોળીયા, ઉ.વ.૩૨,**
રહે. ખાખરાળી, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર .....આરોપી

ગુનો :–**જુગાર ધારા કલમ–૧૨** મુજબનો

**–:<u>હુકમ</u>:–**

(૧) આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરુ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે,જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી તેમ છતા તેમની કબુલાતને વળગી રહેલ છે તથા કબુલાત પુરસીસ રજુ કરી તેની સાથે મુદ્દામાલ અંગે કોઈ કલેઈમ કરતા નથી તે અંગેની નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના આક્ષેપિત મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામે આરોપી સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલાત કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આ કામે આરોપીએ કાયદાની આંટીઘુંટીનો લાભ મેળવવાનો

પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરેલ છે તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરલાલ હરખચંદજી ઠાકોર–૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯</u>** થી નોંધાયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, જો આરોપીઓનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો, કોર્ટ કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. **જુગાર ધારા કલમ–૧૨** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને **રૂા.૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો પુરા)**નો દંડ ભોગવવાની સજા કરવામાં આવે છે અને જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન:–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરાયેલ મુદ્દામાલ વાહન તથા મોબાઈલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી બીનશરતી કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો માલીકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.કબજે કરાયેલ વેલ્યુએબલ મુદ્દામાલ ધોરણસર સરકાર ખાલસા કરવો તેમજ નોનવેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તારીખ: ૨૭મી માહે: જાન્યુઆરી સને: ૨૦૨૩ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૧/૨૦૨૩
થાનગઢ

(અકબરઅલી ફખ્રેઆલમ અન્સારી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
થાનગઢ
યુનિક કોડ નં.જી.જે.૦૧૨૬૪